| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| સચિવાલયના ઓફિસ આસીસ્ટન્ટની નાયબ સેક્શન અધિકારી તરીકે બઢતી માટેની ખાતાકીય પરીક્ષા | | |
| તા.૨૧/૧૦/૨૦૨૧ | પ્રશ્નપત્ર – 3 | બેઠક નંબર:............. |
| સમય : ૧૧.૦૦ થી ૧૪.૦૦ | SET - A | કુલ ગુણ : - ૧૦૦ |

**1 કેટલા સમય કરતાં વધારે જૂના દાવા માટે બીલમાં વિલંબના કારણ નોંધવા જોઇએ ?**

**A** ત્રણ માસ

**B** છ માસ

**C** બાર માસ

**D** ચોવીસ માસ

**2 અમુક લોકોને જ લાભ થાય તે રીતે જાહેર નાણાં માંથી ખર્ચ ન કરવો સિવાય કે ખર્ચ માન્ય નિતિ, નિયમો અને શિરસ્તા મુજબનું હોય આ વિધાન શાના સંદર્ભમાં છે ?**

**A** વિવેકાધિન ગ્રાન્ટના સંદર્ભમાં

**B** સહાયક ગ્રાન્ટના સંદર્ભમાં

**C** ઔચિત્યતાના સંદર્ભમાં

**D** લેટર ઓફ ક્રેડીટના સંદર્ભમાં

**3 સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી દ્વારા સ્ટેશનરી ને લગતી કેટલી આઇટમો પુરી પાડવામાં આવે છે ?**

**A** એકસઠ

**B** સત્તર

**C** વીસ

**D** ચોવીસ

**4 નીચે માંથી કયુ વિધાન ખોટુ છે ?**

**A** સહાયકી અનુદાન અથવા લોન ચૂકવણી જે વર્ષમાં કરવામાં આવી હોય તે વર્ષ પુરૂ થયે બાર માસમાં હિસાબોનું ઓડિટ કરેલ પત્રક રજૂ કરવાનું રહેશે

**B** સહાયકી અનુદાન અથવા લોન ચૂકવણી કરી દીધેલ ખર્ચના આધારે કરવામાં આવી હોય હિસાબોનું ઓડિટ કરેલ પત્રક રજૂ કરવાનું રહેશે નહિં

**C** સહાયકી અનુદાન ખાસ હેતુસર આપવામાં આવેલ હોય તેવા કેસોમાં તે મેળવનારે અનુદાન મળ્યા તારીખથી બારમાસ માં હિસાબોનું ઓડિટ કરેલ પત્રકની સાથે ઉપયોગિતા પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહેશે

**D** લોન પર ના વ્યાજનો દર અને મુદત્ત નાણા વિભાગની પૂર્વ સંમતિ થી કરવામાં આવશે

**5 નીચેમાંથી કયુ વિધાન યોગ્ય છે ?**

**(A) અંદાજપત્રમાં સામાન્ય ચર્ચા માટે અધ્યક્ષે ઓછામાં ઓછા ચાર દિવસ ફાળવવા જોઇએ**

**( B) અંદાજપત્રમાં સામાન્ય ચર્ચા માટે અધ્યક્ષે ઓછામાં ઓછા ચૌદ દિવસ ફાળવવા જોઇએ**

**( C) અંદાજપત્રમાં સામાન્ય ચર્ચા માટે અધ્યક્ષે ચૌદ દિવસ થી વધુ નહિં તેટલો સમય ફાળવવા જોઇએ**

**( D) અંદાજપત્રમાં સામાન્ય ચર્ચા માટે અધ્યક્ષે ચાર દિવસ થી વધુ નહિં તેટલો સમય ફાળવવા જોઇએ.**

**A** (A)અને (D) યોગ્ય છે **B** (B)અને (C) યોગ્ય છે

**C** (A)યોગ્ય છે **D** (D) યોગ્ય છે

**6 નીચેમાંથી કયા સ્વરૂપે ઇ.એમ.ડી. ન સ્વીકારવી જોઇએ?**

**A** ચેક **B** ડીમાન્ડ ડ્રાફ્ટ

**C** પે ઓર્ડર **D** બેંક ગેરંટી

**7 પંદર માસ પહેલા રૂપિયા ૧૦,૦૦૦ માં ખરીદેલફેક્સ મશીન મરામત કરાવવા ખાતાના વડા કેટલા રૂપિયાની મર્યાદામાં ખર્ચ મંજૂર કરી શકે ?**

**A** રૂપિયા ૨૦૦૦ **B** રૂપિયા ૨૫૦૦

**C** રૂપિયા ૩૫૦૦ **D** ખરેખર ખર્ચ

**8 સી.એસ.પી.ઓ. ના ભાવ કરાર અંગેની ટેન્ડર પ્રક્રિયામાં ઇ.એમ.ડી. મહ્તમ મર્યાદા કેટલી છે ?**

**A** રૂપિયા ત્રણ લાખ **B** રૂપિયા પાંચ લાખ

**C** રૂપિયા દસ લાખ **D** કોઇ મર્યાદા નથી

**9 સ્કૂટર પેશગીનું વ્યાજ કેટલા હપ્તામાં ભરવાનું છે ?**

**A** ૮૦ હપ્તામાં **B** ૬૦ હપ્તામાં

**C** ૩૬ હપ્તામાં **D** ૨૪ હપ્તામાં

**10 શુધ્ધ બુધ્ધીથી કાર્ય કર્યુ હોય, પોતાની શક્તિ અને અનુભવ મુજબ પોતાનાથી બનતુ બધુ કર્યુ હોય તેમ છતાં નુકશાન થયેલ હોય તો શુ કરવુ ?**

**A** નાની શિક્ષા કરવી **B** નુકશાન વસુલ કરવુ

**C** પ્રમાણિક ભૂલ ગણી જતી કરવી **D** શિક્ષા અને વસુલાત બન્ને કરવુ

**11 જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી માટે માટે કાયમી પેશગી કોણ મજૂર કરે ?**

**A** ઉચ્ચ શિક્ષણ કમીશ્નર **B** શિક્ષણ સચિવ

**C** જિલ્લા શિક્ષણાધિકારી **D** નાણા વિભાગ

**12 લેખન સામગ્રી સ્થાનિક ધોરણે ખરીદવા કચેરીના વડાને કેટલી સત્તા છે ?**

**A** વાર્ષિક રૂપિયા ૧,૦૦,૦૦૦ **B** માસિક રૂપિયા ૧૦,૦૦૦

**C** માસિક રૂપિયા ૫,૦૦૦ **D** સંપૂર્ણ સતા

**13 નીચે માંથી કયો ખર્ચ આકસ્મિક ખર્ચ ગણાય ?**

**A** મહેકમનો પગાર **B** મુસાફરી ભથ્થા ખર્ચ

**C** મોજણી કામ માટે રોકેલ હંગામી કર્મચારી વર્ગનો પગાર **D** ઉપરના માંથી એક પણ નહિં

**14 નીચેમાંથી કયા પ્રકાશનો અર્થશાસ્ત્ર અને આંકડા કાર્યાલય દ્વારા તૈયાર કરવામાં આવતુ નથી ?**

**(A) પ્રવૃતિઓની રૂપરેખા**

**( B) અંદાજપત્ર સંક્ષિપ્તમાં**

**( C) કામગીરી અંદાજ્પત્ર**

**( D) સામાજિક આર્થિક સમીક્ષા**

**A** (A) અને (B) **B** (B) અને (D)

**C** (A) અને (C) **D** (A) અને (D)

**15 વણ ચૂકવાયેલ અંગત અનામતોનું ખાતું બંધ કરીએ ત્યારે આવી અનામતો કયા સદરે જમા કરવાની છે ?**

**A** ૦૦૭૦ સદરે **B** ૦૦૭૫ સદરે

**C** ૮૩૩૬ સદરે **D** ૮૦૭૫ સદરે

**16 કોણે જામીનગીરી આપવી જરૂરી નથી ?**

**A** ડ્રાઈવરે **B** લાયબ્રેરીયને

**C** કેશીયરે **D** ઉપરના (અ) અને (બ)

**17 નીચે માંથી કયો ખર્ચ કલેકટર હસ્તક મૂકવામાં આવતી વિવેકાધિન ગ્રાન્ટ માંથી થઇ શકે ?**

**(1) કૃષી સુધારણા ( 2) જાહેર આરોગ્ય**

**A** ફકત (1) **B** (1) અને (2)

**C** ફકત (2) **D** ઉપરના માંથી એક પણ નહિં

**18 નીચેના વિધાનો બાબતે વિકલ્પ પસંદ કરો ?**

**(A) આવક અને ખર્ચના નિયંત્રણ માટે જવાબદાર અધિકારી એટલે ઉપાડ અધિકારી**

**( B) વિનિયોગ અધિનિયમમાં સમાવેશ કરેલ રકમમાં ઉમેરો એટલે પૂરક માગણી**

**A** વિધાન (A) સાચુ (B) ખોટુ
**B** વિધાન (B) સાચુ (A) ખોટુ
**C** બન્ને વિધાન સાચા
**D** બન્ને વિધાન ખોટા

**19 નીચેમાંથી કયુ વિધાન ખોટુ છે ?**

**A** અંદાજપત્રમાં જોગવાઇ એ ખર્ચ માટેની સત્તા નથી
**B** ખર્ચને પહોંચી વળવા માટે અંદાજ્પત્રમાં જોગવાઇ કરવી જોઇએ
**C** ખર્ચ કરતાં ઔચિત્યતા ના સિધ્ધાંતો જળવાવા જોઇએ
**D** અંદાજપત્રમાં જોગવાઇ કરેલ ખર્ચ માટે વહિવટી મંજૂરી જરૂરી નથી

**20 એક ખાતાના વડાને મોટરકાર માટે તારીખ ૧-૧૦-૨૦૨૧ ના રોજ વહિવટી વિભાગ તરફથી ફંડ ઉપલબ્ધતાનું પ્રમાણપત્ર મળે છે. તો કઈ તારીખ પહેલા મંજૂરી હુકમ કરી દેવા જોઇએ નહી તો ફંડ ઉપલબ્ધતા નું પ્રમાણપત્ર રદ થશે ?**

**A** તારીખ ૩૧-૧૨-૨૦૨૧
**B** તારીખ ૩૦-૧૧-૨૦૨૧
**C** તારીખ ૩૧-૧૦-૨૦૨૧
**D** તારીખ ૩૧-૦૩-૨૦૨૨

**21 એક કર્મચારીનો છ્ઠ્ઠા પગાર પંચ મુજબ પે બેન્ડનો પગાર રૂપિયા ૧૭,૬૦૦ અને ગ્રેડ પે ૨૪૦૦ છે અને સાતમા પગાર પંચ મુજબ પગાર રૂપિયા ૫૦,૦૦૦ છે . મકાન પેશગી કેટલી મંજૂર કરી શકાય ?**

**A** આઠ લાખ
**B** દસ લાખ
**C** પંદર લાખ
**D** પચીસ લાખ

**22 ગુપ્તસેવા પાછળ થયેલ ખર્ચનું પ્રમાણપત્ર કઈ તારીખ સુધી હિસાબ તપાસણી અધિકારીનેમોકલવાનું છે ?**

**A** ૧૫ મી એપ્રીલ
**B** ૩૦ મી જૂન
**C** ૩૧ ઓક્ટોબર
**D** ૩૦ મી નવેમ્બર

**23 નીચેના વાક્યો ચકાસો.**

**( 1) સામાન્ય ખર્ચ માટે પૂર્વ મંજૂરી મેળવવી જરૂરી નથી.**

**( 2) આંકસ્મિક ખર્ચ તેમજ અન્ય ખર્ચ અંગે તાબાના સત્તાધિકારીઓની સત્તા નાણાકીય સત્તા સોંપણીના નિયમોથી મર્યાદિત કરવામાં આવી છે.**

**A** વિધાન 1 સાચુ 2 ખોટુ **B** વિધાન 1 ખોટુ 2 સાચુ

**C** વિધાન 1 અને 2 બન્ને ખોટા **D** વિધાન 1 અને ૨ બન્ને સાચા

**24 નીચેમાંથી કયા અંદાજ કેંન્દ્ર સરકારે એજન્સી ધોરણે સોંપેલા કાર્ય એંગેના અંદાજ છે?**

**A** વસતિ ગણતરી અધિનિયમનો વહિવટ **B** હાઇકોર્ટ્ર્નાં જજના પેન્શન

**C** ગ્રુહ રક્ષક દળ **D** રેલવે સલામતી કામ

**25 મકાન પેશગી મંજૂર થયા પછી પણ નાણા ઉપાડતા પહેલા કર્મચારીએ અંગત રોકાણ કેટલુ કરવાનું છે?**

**A** પેશગીની રકમના ૫ ટકા **B** પેશગીની રકમના ૧૦ ટકા

**C** પેશગીની રકમના ૧૫ ટકા **D** પેશગીની રકમના ૨૦ ટકા

**26 જેમ પોર્ટલ પર ના હોય તેવી કેટલા રૂપિયા સુધીની ખરીદી કચેરીના વડા ભાવપત્રક મેળવી કરી શકે ?**

**A** રૂપિયા ૫૦૦૦ **B** રૂપિયા ૧૦૦૦૦

**C** રૂપિયા ૨૫૦૦૦ **D** કોઇ સત્તા નથી

**27 પેટા વાઉચરનો છેતરપીંડી ભર્યો ઉપયોગ નિવારવા પેટા વાઉચર ચૂકવણી થયા પછી શુ કરવુ જોઇએ ?**

**A** નાશ કરવા **B** રદ કરવા

**C** એકાઉન્ટન્ટ જનરલને મોકલવા **D** પાંચ વર્ષ પછી નાશ કરવા

**28 સોલીટરી ઓફર સ્વીકારવાની ડી.એલ.પી.સી. ને કેટલી સતા છે ?**

**A** રૂપિયા ૧,૦૦,૦૦૦ **B** રૂપિયા ૫,૦૦,૦૦૦

**C** રૂપિયા ૧૦,૦૦,૦૦૦ **D** કોઇ સત્તા નથી

**29 ખર્ચ પર નિયંત્રણ રાખવા દરેક નિયંત્રણ અધિકારીએ કયા ફોર્મમાં ખર્ચનું રજીસ્ટર રાખવાનું છે ?**

**A** ફોર્મ નંબર-9 **B** ફોર્મ નંબર-10

**C** ફોર્મ નંબર-11 **D** ફોર્મ નંબર-12

**30 ગુજરાત તિજોરી નિયમો અન્વયે કેટલા રૂપિયા ઉપરના ચેક એકાઉન્ટ પેઇ ક્રોસ કરવાજોઇએ ?**

**A** રૂપિયા ૧૦૦૦ **B** રૂપિયા ૧૫૦૦

**C** રૂપિયા ૨૦૦૦ **D** રૂપિયા ૨૫૦૦

**31 નીચે માંથી કયુ વિધાન સાચુ છે ?**

**A** આકસ્મીક ફંડનો વહિવટ રાજ્યપાલ વતી મુખ્ય સચિવ કરે છે .

**B** એકત્રિત ફંડમાંથી કરવામાં આવેલ કોઇ ખર્ચને આવરી લેવા માટે આકસ્મીક ફંડમાંથી પેશગી મંજૂર કરી શકાશે

**C** આકસ્મીક ફંડમાંથી નાણા ઉપાડવાની અરજી ચાર નકલમાં મોકલવાની છે

**D** આકસ્મીક ફંડમાંથી ઉપાડ અધિકૃત કરતી મંજૂરીઓ નાણાકીય વર્ષ પૂરૂ થતાં રદ થતી નથી

**32 ખાતાના વડાને ખાનગી મુદ્રકો પાસે છાપ કામ કરાવવાની કેટલી સત્તા છે ?**

**A** રૂપિયા ૧૦,૦૦૦

**B** રૂપિયા ૨૫,૦૦૦

**C** રૂપિયા ૫૦,૦૦૦

**D** રૂપિયા ૭૫,૦૦૦

**33 Escrow Account કોના નિયંત્રણમાં રહેશે?**

**A** ઊપાડ અધિકારીના

**B** અધિક ઉધોગ કમીશ્નર સી.એસ.પી.ઓ.

**C** ઉધોગ કમીશ્નર

**D** નાણા વિભાગના

**34 અપંગો માટેની સંસ્થા પાસેથી મહત્તમ કેટલા રૂપિયા સુધીની ખરીદી, વિના ટેન્ડરે કરી શકાય ?**

**A** રૂપિયા એક લાખ

**B** રૂપિયા બે લાખ

**C** રૂપિયા પાંચ લાખ

**D** રૂપિયા પંદર લાખ

**35 કર ની બાબતમાં બાતમીદારોને ઇનામ આપવાના ખર્ચને કોણ પ્રમાણિત કરશે ?**

**A** નાણા વિભાગના સચિવ

**B** કલેક્ટર

**C** કમિશ્નર કોર્મશિયલ ટેક્ષ

**D** વેચાણ વેરા અધિકારી

**36 એસ.ડી.પી.સી. ને ઇમરજન્સી ખરીદીની કેટલી સત્તા છે ?**

**A** રૂપિયા પાંચ લાખ

**B** રૂપિયા દસ લાખ

**C** રૂપિયા ત્રીસ લાખ

**D** કોઇ મર્યાદા નથી

**37 એક કર્મચારીને મકાન બાંધવાના હેતુ માટે પેશગીનો પ્રથમ હપ્તો ૧-૧-૨૦૧૯ ના રોજ ચૂકવવામાં આવેલ છે .તે કર્મચારી મકાનનું બાંધકામ ૩૧-૩-૨૦૨૧ ના રોજ પૂર્ણ કરે છે.પગાર બીલમાંથી મકાન પેશગીની વસુલાત કયા માસથી શરૂ થશે ?**

**A** ફેબ્રુઆરી ૨૦૧૯ થી

**B** ડીસેમ્બર ૨૦૨૦ થી

**C** જાન્યુઆરી ૨૦૨૧ થી

**D** એપ્રીલ -૨૦૨૧ થી

**38 તત્કાલ ખરીદીના કિસ્સામાં ટેન્ડર પધ્ધિતનો ગાળો ઓછામાં ઓછો કેટલા દિવસનો હોવો જોઇએ ?**

**A** ત્રણ દિવસ **B** પાંચ દિવસ

**C** સાત દિવસ **D** એકવિસ દિવસ

**39 જે વર્ષ પૂરુ થઇ ગયુ હોય તે નાણાકીય વર્ષ માટે આપવામાં આવેલ ગ્રાંટ ઉપરાંત કરવામાં આવેલ ખર્ચને વિનિયમિત કરવા કોણ ભલામણ કરશે ?**

**A** અંદાજ સમિતિ **B** જાહેર હિસાબ સમિતિ

**C** ખર્ચ અગ્રતા સમિતિ **D** એકાઉન્ટન્ટ જનરલ

**40 વહીવટી વિભાગના ખાતાના વડા જાહેર કરવાની બાબતમાં નીચેમાંથી કયુ વિધાન યોગ્ય છે?**

**(A) અધિકારી કોઇ માન્ય તંત્રના વડા હોવા જોઇએ**

**(B) અધિકારીનું લઘુત્તમ પગાર ધોરણ સંયુકત સચિવના પગાર ધોરણ કરતાં ઓછુ હોવું જોઇએ નહિં**

**(C) માત્ર વહીવટી વિભાગના સચીવશ્રી આ સતાનો ઉપયોગ કરી શકશે**

**A** વિધાન (A) (B) અને (C) યોગ્ય છે **B** વિધાન (A)અને (B) યોગ્ય છે

**C** વિધાન ( A) અને (C) યોગ્ય છે **D** વિધાન (B) અને (C) યોગ્ય છે

**41 લોન માટે ઓછા માં ઓછી કેટલી જામીનગીરી સ્વીકારવાની હોય છે ?**

**A** લોનની રકમના ૨૫. ૧/૪ ટકા થી વધુ **B** લોનની રકમના ૩૩. ૧/૪ ટકા થી વધુ

**C** લોનની રકમના ૨૫. ૧/૩ ટકા થી વધુ **D** લોનની રકમના ૩૩ . ૧/૩ ટકા થી વધુ

**42 નીચેમાંથી કયા કેસમાં ઇજાફા બાબતે ફોર્મ-૩૧ માં પ્રમાણપત્ર આપવાનું છે ?**

**A** ચોક્કસરીતે ઇજાફો રોકેલ હોય ત્યારે **B** ખાતાકીય પરીક્ષા ઉતીર્ણ થયેથી ઇજાફો છૂટો કરવામાં આવે ત્યારે

**C** નોકરીનો તૂટક ગાળો ગણતરીમાં લઈ ઇજાફો છોડવામાં આવે ત્યારે **D** ઉપરના બધા કેસમાં

**43 કચેરીના વડાને અનાવર્તક ખર્ચ કરવાની કેટલી સત્તા છે ?**

**A** રૂપિયા ૧૦,૦૦૦ **B** રૂપિયા ૭,૫૦૦

**C** રૂપિયા ૫,૦૦૦ **D** રૂપિયા ૨,૦૦૦

**44 એક ડી.પી.સી.એ મૂળ ઓર્ડર તારીખ ૧-૭-૨૦૨૧ નારોજ આપેલ છે તે રીપીટ ઓર્ડર કઈ તારીખ સુધી આપી શકે ?**

**A** તારીખ ૩૦-૯-૨૦૨૧ **B** તારીખ ૩૧-૧૨-૨૦૨૧

**C** તારીખ ૩૧-૩-૨૦૨૨ **D** તારીખ ૩૦-૬-૨૦૨૨

**45 તારીખ ૨૧-૧૦-૨૦૨૧ નારોજ લખાયેલ ચેક કઈ તારીખ સુધી વેલીડ ગણાશે ?**

A ૩૧-૧-૨૦૨૨
B ૨૦-૧-૨૦૨૨
C ૨૨-૧-૨૦૨૨
D ૩૧-૩-૨૦૨૨

**46 નીચે માંથી કયુ વિધાન ખોટુ છે?**

A વિવેકાધિન ગ્રાન્ટ એટલે વિશિષ્ટ સેવા સદર હેઠળ તાબાના અધિકારીઓ વચ્ચે નાણાની ફાળવણી કરવા માટે અનામત રખાતુ અનુદાન.
B તિજોરીમાંથી જે મહિનામાં આકસ્મિક ખર્ચની ચૂકવણી થઇ હોય તે પછીના મહિનામાં હિસાબમાં નોધ કરવી.
C સરકારને એક વખતની ચૂકવણીથી વિશેષ બંધનકર્તા નીવડતુ કોઇ ખર્ચ સત્તા ધરાવતા અધિકારીની મંજૂરી સિવાય કરવુ નહિં.
D કરવેરાની રકમ ગમે તેટલી હોય તો પણ તે ચૂકવવા માટે સરકારની મંજૂરી જરૂરી નથી.

**47 ગ્રીન બુક એટલે શું ?**

A આવકના વિગતવાર અંદાજોનું પ્રકાશન
B કામગીરી અંદાજપત્રનું પ્રકાશન
C વાર્ષિક વિકાસ કાર્યક્રમનું પ્રકાશન
D વાર્ષિક નાણાકીય પત્રક

**48 એક લઘુ ઉધોગનું રૂપિયા પાંચ લાખનું ટેન્ડર મંજૂર થયેલ છે. સિક્યોરીટી ડિપોઝીટ કેટલી લેવી જોઇએ ?**

A રૂપિયા ૩,૦૦૦
B રૂપિયા ૫,૦૦૦
C રૂપિયા ૧૫,૦૦૦
D સિક્યોરીટી ડિપોઝીટ લેવી ના જોઇએ

**49 નાયબ સચિવને કેટલા રૂપિયાની મર્યાદામાં મોબાઇલનો ટોકટાઇમ આપવાની જોગવાઈ છે ?**

A રૂપિયા ૩૫૦
B રૂપિયા ૫૦૦
C રૂપિયા ૫૫૦
D રૂપિયા ૬૦૦

**50 નીચેમાંથી કયુ પેટા સદરનું ઉદાહરણ છે ?**

A શિક્ષણ
B મધ્યાન ભોજન યોજના
C પગાર
D ઉપરના બધા

**51 તબીબી સારવારનું બિલ ગુજરાત તિજોરી નિયમોના કયા ફોર્મમાં બનાવવાનુ છે ?**

A ફોર્મ ૨૬
B ફોર્મ -૨૯
C ફોર્મ -૩૨
D ફોર્મ-૩૫

**52 એક કચેરીને તારીખ ૧૮-૧૦-૨૧ ના રોજ કરવેરાની આવક રૂપિયા ૧૦,૦૦૦ મળી છે તારીખ ૧૯-૧૦-૨૧ નારોજ જાહેર રજા છે મોડામાં મોડા કઈ તારીખ સુધી આ રકમ તિજોરીમાં જમા કરાવી દેવી જોઇએ ?**

**A** ૨૦-૧૦-૨૦૨૧ **B** ૨૧-૧૦-૨૦૨૧

**C** ૨૨-૧૦-૨૦૨૧ **D** ૨૫-૧૦-૨૦૨૧

**53 નીચે માંથી કઈ વિગત ડેડસ્ટોક રજિસ્ટરમાં હોતી નથી ?**

**A** વસ્તુનું વર્ણન **B** કચેરીના વડાની સહી

**C** વસ્તુની કિંમત **D** ઉપાડ અધિકારીની સહી

**54 સરકારે પંચાયતોને આપેલ લોન નીચેમાંથી કયા હિસાબ ખાતે નોધાશે ?**

**A** એકત્રિત ફંડ **B** મૂડી હિસાબ

**C** લોન હિસાબ **D** મહેસૂલ હિસાબ

**55 નીચેમાંથી કઈ પેશગી નિયંત્રણ અધિકારી પોતાના માટે પણ મંજૂર કરી શકે ?**

**A** મકાન પેશગી **B** વાહન પેશગી

**C** રજા પ્રવાસ રાહત પેશગી **D** ઉપરનામાંથી એક પણ નહિં

**56 પાણી પુરવઠા અંગે કચેરીના વડાને કેટલી સત્તા છે ?**

**A** માસિક રૂપિયા ૫૦૦ **B** માસિક રૂપિયા ૧૦૦૦

**C** માસિક રૂપિયા ૧૫૦૦ **D** સંપૂર્ણ સત્તા

**57 નીચેમાંથી વિના ટેન્ડરે ખરીદીમાં કઈ સંસ્થાનો સમાવેશ કક્ષા-ક માં થાય છે?**

**A** ગ્રીમકો **B** વનીલ

**C** ગુર્જરી **D** ઉપરની બધી

**58 જંગલી જાનવરોનો ત્રાસ દૂર કરવા માટે આપવામાં આવતુ ઇનામ કયા પ્રકારનો ખર્ચ ગણાય ?**

**A** મુકરર દર વાળો આકસ્મિક ખર્ચ **B** આનુષંગિક આકસ્મિક ખર્ચ

**C** પુરવઠો અને સેવાઓ **D** અન્ય ખર્ચ

**59 નીચેમાંથી કયુ વિધાન ખોટુ છે ?**

**A** વિગતવાર અંદાજોને ટેકનિકલ મંજૂરી મળે તે સિવાય વહિવટી મંજૂરી એજ કામ હાથ ધરવા માટે પૂરતી અધિકૃતતા બનતી નથી

**B** વહિવટી વિભાગ એટલે સચિવાલયનું કામકાજ કરતો વિભાગ

**C** સામાન્ય ભવિષ્યનિધિ ની કરેલ કપાત એકત્રિતફંડ ખાતે નોધવામાં આવે છે

**D** મહેસૂલી આવક એકત્રિતફંડ ખાતે નોધવામાં આવે છે

**60 મોટરકાર પેશગી માટે વ્યાજનો દર કેટલો છે ?**

A ૧૫ ટકા
B ૧૨.૫ ટકા
C ૧૦ ટકા
D ૯ ટકા

**61 ઉચ્ચક બીલનું વિગતવાર બિલ કયા નમૂનામાં બનાવવાનું છે ?**

A ફોર્મ-૪૪
B ફોર્મ -૪૫
C ફોર્મ-૪૬
D ફોર્મ-૪૮

**62 કયા બીલના સમર્થનમાં વાઉચર જરૂરી નથી ?**

A સર્વીસ પોસ્ટેજ સ્ટેમ્પના બીલમાં
B કન્ટીજન્સી બીલમાં
C ઉચ્ચકબીલના વિગતવાર બીલમા
D ઉપરના બધામાં

**63 નીચેમાંથી કયુ વિધાન સાચુ છે ?**

A લોન પર લોન ચૂકવવામાં આવે તે દિવસનું વ્યાજ લેવુ
B લોન પર લોન ચૂકવવામાં આવે તે દિવસનું વ્યાજ લેવુ નહિં
C લોન ભરપાઇ કરવામાં આવે તે દિવસનું વ્યાજ લેવુ
D (અ) અને (ક) બન્ને સાચા છે

**64 નીચે માથી કયુ વિધાન ખોટુ છે ?**

A લઘુ ઉધોગને ભાવ પસંદગી ૧૦ ટકા અને ગુણવત્તા પસંદગી પાંચ ટકા મળવાપાત્ર છે
B લઘુ ઉધોગ મહિલા એકમ હોય તો ભાવ પસંદગી ૧૧ ટકા અને ગુણવત્તા પસંદગી પાંચ ટકા એમ કૂલ ૧૬ ટકા મળવાપાત્ર છે
C લઘુ ઉધોગને મહિલા એકમ હોય તો ભાવ પસંદગી અને ગુણવત્તા પસંદગી મળી કૂલ ૧૫ ટકા મળવાપાત્ર છે
D મહિલા લઘુ ઉધોગને ભાવ પસંદગી અને ગુણવત્તા પસંદગી બન્ને મળવાપાત્ર છે.

**65 નાણાકીય સ્વરૂપના વિનિયમો કોની મંજૂરીથી ઘડવા જોઇએ ?**

A ખાતાના વડા
B સબંધિત વહિવટી વિભાગ
C નાણા વિભાગ
D હિસાબ અને તિજોરી નિયામક

**66 ગુજરાત આકસ્મિક ફંડ અધિનિયમ કયા વર્ષમાં તૈયાર કરવામાં આવ્યો છે ?**

A ૧૯૬૦
B ૧૯૬૩
C ૧૯૮૩
D ૧૯૮૪

**67 એક કર્મચારીની જમીન ખરીદીને મકાન બાંધકામના હેતુ માટે પેશગી રૂપિયા બાર લાખ મંજૂર થયેલ છે. બીજા હપ્તા પેટે કેટલી રકમ ચૂકવાશે ?**

**A** રૂપિયા ૪,૮૦,૦૦૦ **B** રૂપિયા ૩,૬૦,૦૦૦

**C** રૂપિયા ૨,૪૦,૦૦૦ **D** રૂપિયા ૧,૨૦,૦૦૦

**68 જલદી નાશ પામે તેવા સ્ટોકની ભૌતિક ચકાસણી ક્યારે કરવાની હોય છે ?**

**A** દર છ માસે **B** દર વરસે

**C** દર ત્રણ વરસે **D** દર પાંચ વરસે

**69 પેટા વાઉચર કેટલા સમય પછી નાશ કરી શકાય ?**

**A** બે વર્ષ **B** ત્રણ વર્ષ

**C** પાંચ વર્ષ **D** ત્રીસ વર્ષ

**70 સામાન્ય ભવિષ્યનિધિ માંથી અપાતી પેશગીની મંજૂરીઓ, મંજૂરીની તારીખથી કેટલા માસ પછી રદ થશે ?**

**A** બાર માસ **B** છ માસ

**C** ત્રણ માસ **D** એક માસ

**71 ભારત સરકારની ખરીદ નિતિમાં કૂલ કેટલી ચીજ વસ્તુઓને આરક્ષણ યાદીમાં મૂકેલ છે ?**

**A** ૨૫૮ **B** ૩૫૮

**C** ૪૫૬ **D** ૫૪૨

**72 નિયંત્રણ અધિકારીની પ્રતિ સહીને આધીન હોય તેવા ખર્ચ ને શું કહેવાય ?**

**A** સામી સહી જરૂરી હોય તેવો આકસ્મીક ખર્ચ **B** સામી સહી જરૂરી હોય તેવો આનુષંગિક ખર્ચ

**C** આનુંષંગિક આકસ્મીક ખર્ચ **D** નિયત આકસ્મીક ખર્ચ

**73 નીચેમાંથી કયુ વિધાન યોગ્ય છે ?**

**(A)નિયંત્રણ અધિકારીને મોકલવાના આવકના નિયત પત્રકો તિજોરીએ મોકલેલ પત્રક પરથી તૈયાર કરવા**

**( B)વસુલ કરેલ આવક, ખર્ચને પહોંચી વળવા ઉપયોગમાં લેવી નહિં**

**A** (A)અને (B)બન્ને યોગ્ય છે **B** (A)અને (B) બન્ને યોગ્ય નથી

**C** (A)યોગ્ય છે **D** (B) યોગ્ય છે

**74 જામનગર જિલ્લાની ખેતીવાડી ખાતાની કચેરીને નવુ ટેલિફોન જોડાણ લેવુ છે. કોની મંજૂરી જરૂરી છે ?**

**A** ખેતી નિયામકની **B** કૃષિ વહીવટી વિભાગની

**C** સામાન્ય વહિવટ વિભાગની **D** જામનગર કલેક્ટરની

**75 નીચેમાંથી કોના હસ્તક વિવેકાધિન ગ્રાંટ મૂકવામાં આવતી નથી ?**

**A** ખેતી અધિકારી **B** પોલિસ મહાનિર્દેશક

**C** શિક્ષણ નિયામક **D** કલેક્ટર

**76 નીચેમાંથી કઇ બાબત જાહેર હિસાબનો ભાગ બને છે ?**

**A** કરવેરા **B** ફી

**C** ભરણા **D** ઉપરનામાંથી એક પણ નહિં

**77 અંગત અનામતો કેટલા સમયથી લેવડદેવડ  ના થઈ હોય તો નિયામક ખાતું બંધ કરવા જણાવી શકે ?**

**A** બે વર્ષ **B** ત્રણ વર્ષ

**C** પાંચ વર્ષ **D** દસ વર્ષ

**78 કાયમી પેશગીનો હવાલો ધરાવનાર અધિકારીએ 31મી માર્ચની સ્થીતિનો હિસાબ કાયમી પેશગી મંજૂર કરનાર અધિકારીને કઈ તારીખ સુધી મોકલવો જોઇએ ?**

**A** ૧૦ મી એપ્રીલ **B** ૧૫ મી એપ્રીલ

**C** ૩૧ મે **D** 30 જૂન

**79 નીચેમાંથી કયુ વિધાન ખોટુ છે?**

**(A) નવીસેવા એ પદની ચોક્કસ વ્યાખ્યા શક્ય નથી**

**( B) હંગામી જગાનું કાયમી જગામાં રૂપાન્તર એ નવુ ખર્ચ ગણાય**

**A** (A)અને (B  બન્ને વિધાન સાચા  છે **B** (A)સાચુ  (B) ખોટુ

**C** (A)ખોટુ(B) સાચુ **D** (A)અને (B  બન્ને વિધાન ખોટા  છે

**80 કોઇ કચેરી સેનેટાઇઝર ખરીદે તો તે કયા પ્રકારમાં આવે ?**

**A** આનુંષંગિક આકસ્મીક ખર્ચ **B** નિયત આકસ્મીક ખર્ચ

**C** પુરવઠો અને સેવાઓ **D** ખાસ આકસ્મીક ખર્ચ

**81 Gemsuggest ed L-1 દ્વારા કેટલા રૂપિયા સુધીની ખરીદી કરી શકાય ?**

**A** રૂપિયા ૧,00,000 **B** રૂપિયા ૫,00,000

**C** રૂપિયા ૧૦,00,000 **D** રૂપિયા ૨૫,00,000

**82 નીચેના વાક્યો ચકાસો.**

**( 1) ગુપ્તસેવા ખર્ચ અને બાતમી દારોને અપાતા ઇનામોના સમર્થનમાં વાઉચર જરૂરી રહેશે નહિં.**

**( 2) ગુપ્તસેવા ખર્ચ અને બાતમી દારોને અપાતા ઇનામોના લીધે થતુ ખર્ચ હિસાબ તપાસણી અધિકારીઓ દ્વારા કરાતી ચકાસણીને આધીન રહેશે.**

**A** વિધાન 1 સાચુ 2 ખોટુ | **B** વિધાન 1 ખોટુ 2 સાચુ

**C** વિધાન 1 અને 2 બન્ને ખોટા | **D** વિધાન 1 અને ૨ બન્ને સાચા

**83 નીચેમાંથી શાનો સમાવેશ આર્થિક સેવાઓમાં થતો નથી ?**

**A** વ્યાજની ચૂકવણી | **B** ખેતી

**C** ઉધોગ | **D** રેલ્વે

**84 નીચે માંથી કયા સભ્ય એસ.પી.સી. માં નથી ?**

**A** માંગ યાદી રજૂ કરનારા વિભાગના સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી /અધિક મુખ્ય સચિવશ્રી

**B** નાણા વિભાગના સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી /અધિક મુખ્ય સચિવશ્રી

**C** ઉધોગ ખાણ વિભાગના સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી /અધિક મુખ્ય સચિવશ્રી

**D** નાણા સલાહકાર

**85 વિગતવાર તપાસ અને વિચારણા માંગી લે તેવી બાબત ન હોય તો તેની જાણ કોને કરવાની જરૂર છે ?**

**A** ખાતાના વડાને | **B** હિસાબ તપાસણી અધિકારીને

**C** ઉપરના બન્નેને | **D** હિસાબનીશને

**86 રૂપિયા પાંચ કરોડના ટેન્ડરમાં ટેન્ડર ફી કેટલી રાખવી જોઇએ ?**

**A** રૂપિયા ૫,૦૦૦ | **B** રૂપિયા ૧૫,૦૦૦

**C** રૂપિયા ૨૫,૦૦૦ | **D** રૂપિયા ૫૦,૦૦૦

**87 વિદેશમાંથી માલસામગ્રી આયાત કરવાની હોય એવી ખરીદી માટેના બધા કરારોમાં કેવી જોગવાઇ રાખવી જોઇએ ?**

**A** F.O.B | **B** F.O.R

**C** C.I .S. | **D** C.I .F.

**88 સી.એસ.પી.ઓ. ના ભાવ કરારને આધારે કચેરીના વડા કેટલા રૂપિયાની ખરીદી કરી શકશે ?**

**A** રૂપિયા પચ્ચીસ હજાર | **B** રૂપિયા એક લાખ

**C** રૂપિયા પાંચ લાખ | **D** કોઇ મર્યાદા નથી

**89 કર્મચારીના કુટુંબમાં ચાર સભ્યો માટે રજા પ્રવાસ રાહત મંજૂર થયેલ છે .એક ટિકીટ્નો આવવા-જવાનો ખર્ચ રૂપિયા ૧૫,000 છે. પ્રવાસ નો સમય ગાળો ચાર માસ છેરજા પ્રવાસ રાહત માટે પેશગી કેટલી મળે ?**

**A** રૂપિયા ૬0,000 **B** રૂપિયા ૪૮,000

**C** રૂપિયા ૪૫,000 **D** રૂપિયા ૨૪,000

**90 એક કર્મચારીનો કૂલ પગાર રૂપિયા ૪૫,000 છે. તેમના પગાર માંથી મહત્તમ કેટલી વસુલાત થઈ શકે ?**

**A** રૂપિયા ૩૫,000 **B** રૂપિયા ૨૨,૫00

**C** રૂપિયા ૧૫,000 **D** રૂપિયા ૧0,000

**91 નવા નિમાયેલ કર્મચારીએ તબીબી પ્રમાણપત્ર રજૂ ના કર્યું હોય તો કેટલા માસ પગાર આકારી શકાય ?**

**A** બે માસ **B** ત્રણ માસ

**C** ચાર માસ **D** છ માસ

**92 હવાલાની ફેરબદલી માટે કયા ફોર્મનો ઉપયોગ કરવામાં આવે છે?**

**A** ફોર્મ નંબર -૩ **B** ફોર્મ નંબર -૪

**C** ફોર્મ નંબર -૫ **D** ફોર્મ નંબર -૬

**93 ઓછામાં ઓછા કેટલા રૂપિયાથી વધારે ખરીદી કરવી હોય તો ઇ-ટેન્ડર કરવુ ફરજિયાત છે ?**

**A** રૂપિયા એક લાખ **B** રૂપિયા પાંચ લાખ

**C** રૂપિયા સાત લાખ **D** રૂપિયા દસ લાખ

**94 અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાને અંતે જવાબ કોણ આપશે ?**

**A** સબંધિત ખાતાના મંત્રી **B** મુખ્યમંત્રી

**C** નાણામંત્રી **D** અધ્યક્ષ

**95 જેલ પાસેથી કેટલા રૂપિયા સુધીની ખરીદી વિના ટેન્ડરે કરી શકાય ?**

**A** રૂપિયા બે લાખ **B** રૂપિયા પાંચ લાખ

**C** રૂપિયા દસ લાખ **D** રૂપિયા પંદર લાખ

**96 એક ટેન્ડરમાં એક મોટા ઉધોગનો એક યુનિટનો ભાવ L-1 રૂપિયા ૧૦૦૦ છે . એક લઘુ ઉધોગે રૂપિયા ૧૦૫૦ ભાવ ભરેલ છે. લઘુ ઉધોગને ઓર્ડર આપી શકાય ? જો હા તો કયા ભાવે અને કેટલો ?**

A ના આપી શકાય

B હા આપી શકાય રૂપિયા ૧૦૫૦ ના ભાવે ૫૦ ટકા ઓર્ડર

C હા આપી શકાય રૂપિયા ૧૦૦૦ ના ભાવે ૫૦ ટકા ઓર્ડર

D હા આપી શકાય રૂપિયા ૧૦૦૦ ના ભાવે ૧૦૦ ટકા ઓર્ડર

**97 અંદાજપત્રના પ્રકાશનોમાં રૂપિયા -------------------માં દર્શાવવામાં આવે છે**

A રૂપિયા હજારમાં

B રૂપિયા દસ હજારમાં

C રૂપિયા લાખમાં

D રૂપિયા કરોડમાં

**98 નીચે માંથી કયા ખર્ચ નો સમાવેશ પૂરવઠો અને સેવાઓમાં થાય છે?**

A વીજળી બિલ

B કોઇપણ કચેરી સ્ટેશનરી ખરીદે

C મકાન ભાડાનીચૂકવણી

D ઉપરનામાંથી એક પણ નહિં

**99 રજાના રોકડમાં રૂપાન્તર માટેની જોગવાઇ પગાર અને ભથ્થાના કેટલા ભાગ જેટલી કરવાની હોય છે ?**

A ૧/૫૦ ભાગ

B ૧/30 ભાગ

C ૧/૨૪ ભાગ

D ૧/33 ભાગ

**100 નીચે માંથી કયુ વિધાન ખોટુ છે ?**

A મૂડીખર્ચની વ્યાખ્યા માં જ એ નિહિત છે કે ઉભી કરેલી અસ્કામતો ખર્ચ કરનાર તંત્રની માલિકિની હોવી જોઈએ.

B સ્થાનિક મંડળો અથવા સંસ્થાઓની માલિકીની થનાર અસ્કામતો ઉભી કરવા સ્થાનિક મંડળો અથવા સંસ્થાઓને સહાયક ગ્રાન્ટ આપવા સરકારે કરેલા ખર્ચને કાયદેસર રીતે મૂડી ખર્ચ તરીકે ગણી શકાય

C કોઇપણ મૂડી કામના અંદાજનો ભાગ ન બનતા હોય એવા કામચલાઉ બાંધકામ અંગેના ખર્ચને મહેસૂલી ખર્ચ તરીકે ગણવામાં આવે છે

D જાહેર હિસાબમાંની ચૂકવણી માટે વિધાન સભાની અધિકૃતિ જરૂરી નથી

----------------------------